# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર નિકિતા શાહ વાંચે છે.

**************************************************

1) પાંચમી મે સુધી વક્ફ સંશોધન અધિનિયમ, 2025 હેઠળ વક્ફમાં નવી નિયુક્તિ નહીં કરવાની કેન્દ્રની સર્વોચ્ચ અદાલતમાં ખાત્રી.

2) ભારતે પાકિસ્તાનને 2008ના મુંબઈ આતંકવાદી હુમલાના ગુનેગારો સામે કાર્યવાહી કરવા જણાવ્યું.

3) કોલકાતા વડી અદાલતે મુર્શિદાબાદમાં થયેલી હિંસા દરમિયાન વિસ્થાપિત થયેલા લોકોની ઓળખ અને પુનર્વસન માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી.

4) આજે દેશભરમાં પ્રકાશ પર્વ અને ગુડ ફ્રાઈડેની આસ્થા ભેર ઉજવણી.

5) આજે વિશ્વ વારસો દિવસ નિમિતે દેશના તમામ સંરક્ષિત સ્મારકોમાં મફત પ્રવેશ.

6) IPLમાં મુંબઈ ઈન્ડિયન્સે, સનરાઈઝર્સ હૈદરાબાદને ચાર વિકેટથી હરાવ્યું.

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SC-WAQF

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારની એ ખાતરીની નોંધ લીધી છે કે, આગામી સુનાવણી સુધી વક્ફ (સુધારા) અધિનિયમ, 2025 હેઠળ વક્ફ બોર્ડ અથવા સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં કોઈ નવી નિમણૂકો કરવામાં આવશે નહીં.

મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, ન્યાયમૂર્તિ સંજય કુમાર અને કે. વી. વિશ્વનાથનની અધ્યક્ષતાવાળી ખંડપીઠે સોલિસિટર જનરલ તુષાર મહેતાની ખાતરીની પણ નોંધ લીધી હતી કે "વપરાશકર્તા દ્વારા વક્ફ" તરીકે વર્ગીકૃત કરાયેલી મિલકત સહિત હાલની વક્ફ મિલકતોની સ્થિતિ હાલ પૂરતી યથાવત રહેશે.

અદાલતે કેન્દ્ર સરકારને વક્ફ અધિનિયમ, 1995માં તાજેતરમાં કરવામાં આવેલા સુધારાઓની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સાત દિવસની અંદર પોતાનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ કેસમાં વધુ સુનાવણી 5 મેના રોજ થશે.

# TAHAWWUR HUSSAIN RANA

ભારતે તહવ્વુર હુસૈન રાણાના પ્રત્યાર્પણ પછી, પાકિસ્તાનને 2008ના મુંબઈ આતંકવાદી હુમલાના ગુનેગારો સામે કાર્યવાહી કરવા જણાવ્યું છે. ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, રાણાનું પ્રત્યાર્પણ પાકિસ્તાનને મુંબઈ હુમલાના અન્ય ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવાની જરૂરિયાતની યાદ અપાવે છે, જેમને તે હજુ પણ રક્ષણ આપી રહ્યું છે.

# KOLKATA-HC---3-MEMBER-PANEL

કોલકાતા વડી અદાલતે મુર્શિદાબાદમાં વક્ફ કાયદા વિરુદ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા દરમિયાન વિસ્થાપિત થયેલા લોકોની ઓળખ અને પુનર્વસન માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. અદાલતે કહ્યું કે રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના સભ્ય સચિવ ઉપરાંત, આ સમિતિમાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અને પશ્ચિમ બંગાળ માનવ અધિકાર આયોગમાંથી એક-એક સભ્ય હશે. સમિતિએ 15 મે સુધીમાં પોતાનો અહેવાલ સુપરત કરવાનો રહેશે.

ન્યાયાધીશ સોમન સેન અને રાજા બાસુ ચૌધરીની ખંડપીઠે બંગાળના મુર્શિદાબાદના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં કેન્દ્રીય દળો તૈનાત કરવાનો આદેશ આપ્યો છે.

# GOYAL-DBT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર-ડીબીટી સિસ્ટમના અમલીકરણથી પરિવર્તનશીલ પરિણામો આવ્યા છે.

શ્રી ગોયલે કહ્યું, પારદર્શક અને ટેકનોલોજી-સંચાલિત સુધારાઓને કારણે, ભારતનો કલ્યાણ કાર્યક્ષમતા સૂચકાંક -WEI 2013માં 0.32 થી સુધરીને 2023માં 0.91 થયો છે. તેમણે કહ્યું, આ સુધારાઓએ ભ્રષ્ટાચાર ઘટાડ્યો છે, યોજનાઓના લાભાર્થીઓનો વ્યાપ વધાર્યો છે અને સબસિડી ફાળવણીમાં ઘટાડો કર્યો છે.

કલ્યાણ કાર્યક્ષમતા સૂચકાંક, રાજકોષીય અને સામાજિક લાભોને માપે છે, અને સૂચકાંકમાં વધારો પ્રણાલીગત સુધારાઓને રેખાંકિત કરે છે.

# PASSIA-DETAINED

અમેરિકામાં ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટે કુખ્યાત ગેંગસ્ટર હરપ્રીત સિંહ ઉર્ફે હેપ્પી પાસિયાની ધરપકડ કરી છે. પાસિયા પર પંજાબમાં 14 આતંકવાદી હુમલાઓનું કાવતરું ઘડવાનો આરોપ છે.

રાષ્ટ્રીય તપાસ એજન્સી -NIA પણ હેપ્પી પાસિયાને શોધી રહી હતી. આ વર્ષની શરૂઆતમાં, NIA એ પાસિયા પર પાંચ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. હેપ્પી પાસિયા પાકિસ્તાન સ્થિત આતંકવાદી હરવિંદર સિંહ સંધુ નજીકનો સાથી રહ્યો છે અને પંજાબમાં અનેક આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ રહ્યો છે.

# WORLD-HERITAGE-DAY

આજે વિશ્વ વારસો દિવસ છે. આજના દિવસને આંતરરાષ્ટ્રીય સ્મારકો અને વારસા સ્થળો દિવસ પણ કહેવામાં આવે છે. આ વર્ષની થીમ છે - વારસા સ્થળો પર આપત્તિ અને સંઘર્ષના જોખમો. આ દિવસ દર વર્ષે 18 એપ્રિલે સાંસ્કૃતિક અને કુદરતી વારસાના સન્માન અને જાળવણી માટે ઉજવવામાં આવે છે.

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે આજે દેશના તમામ સંરક્ષિત સ્મારકોમાં મફત પ્રવેશની જાહેરાત કરી છે. આ પહેલનો ઉદ્દેશ્ય લોકોને દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા વિશે જાગૃત કરવાનો અને પ્રેરણા આપવાનો છે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ

(BYTE: AKSHIT HERITAGE-DAY)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# PUNJAB---PARKASH-PURB

**આજે નવમા શીખ ગુરુ, ગુરુ તેગ બહાદુર સાહેબની જન્મજયંતિ છે. તેમનો જન્મ 1621માં અમૃતસરમાં થયો હતો. તેઓ છઠ્ઠા ગુરુ શ્રી ગુરુ હરગોવિંદ સિંહના સૌથી નાના પુત્ર હતા. એક નિર્ભય યોદ્ધા હોવા ઉપરાંત, તેઓ એક આધ્યાત્મિક વિદ્વાન અને કવિ પણ હતા.**

**પ્રકાશ પર્વ નિમિત્તે, પંજાબમાં આજે શબ્દ કીર્તનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુરુદ્વારાઓમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા અને પવિત્ર ગુરુબાની સાંભળવા માટે ઉમટી રહ્યા છે.**

# GOOD FRIDAY

**આજે ગુડ ફ્રાઈડે છે. આ દિવસે ભગવાન ઈસુએ માનવજાતને પાપોથી મુક્ત કરવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. ગુડ ફ્રાઈડે પર લોકો**

માનવતા અને પરસ્પર ભાઈચારાને મજબૂત બનાવવાનો સંકલ્પ લે છે. ભગવાન ઈસુના પુનરુત્થાન નિમિત્તે રવિવારથી ઇસ્ટરની ઉજવણી શરૂ થશે.
નાગાલેન્ડના ચર્ચોમાં આજે  ખાસ પ્રાર્થના, સેવાઓ અને ઉપવાસ યોજાઈ રહ્યા છે. મોટી સંખ્યામાં  ભક્તો પાપોની ક્ષમા માંગવા અને ખ્રિસ્તના બલિદાન માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે ભેગા થશે.

# IPL

IPLમાં ગઈકાલે, મુંબઈ ઈન્ડિયન્સે, સનરાઈઝર્સ હૈદરાબાદને ચાર વિકેટથી હરાવ્યું.

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે 163 રનના લક્ષ્યાંકના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સે 18 ઓવર અને એક બોલમાં છ વિકેટે 166 રન બનાવ્યા. વિલ જેક્સે 36 જ્યારે હાર્દિક પંડ્યાએ માત્ર 9 બોલમાં 21 રન બનાવ્યા. વિલ જેક્સને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

અગાઉ પ્રથમ બેટિંગ કરતા સનરાઇઝર્સ હૈદરાબાદે પાંચ વિકેટે 162 રન બનાવ્યા હતા. અભિષેક શર્માએ સૌથી વધુ 40 રન બનાવ્યા હતા.
આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે. આ મેચ બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે સાંજે 7.30 વાગ્યાથી રમાશે.

# US - IRAN NUCLEAR TALKS

ઓમાનના વિદેશ મંત્રાલયે, ઈરાન અને અમેરિકા વચ્ચે પરમાણુ વાટાઘાટોના બીજા તબક્કામાં તેની મધ્યસ્થી યથાવત રાખવાની પુષ્ટિ કરી છે. આ વાટાઘાટો આવતીકાલે રોમમાં શરૂ થશે. ઓમાનના વિદેશ મંત્રાલયે બંને પક્ષો વચ્ચે ન્યાયી, બંધનકર્તા અને સ્થાયી કરારની આશા વ્યક્ત કરી છે.

મંત્રાલયે આ બેઠકનું આયોજન કરવામાં ઇટાલી સરકારના સહયોગની પણ પ્રશંસા કરી.

અમેરિકા અને ઈરાન વચ્ચે 12 એપ્રિલના રોજ ઓમાનમાં પ્રથમ તબક્કાની વાતચીત થઈ હતી. બંને દેશોએ કહ્યું છે કે, વાતચીત સકારાત્મક અને રચનાત્મક રહી.

# TRUMP- ITALIAN PM TARIFFS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ અમેરિકા અને યુરોપ વચ્ચે સંભવિત વેપાર કરાર અંગે આશાવાદ વ્યક્ત કર્યો છે.

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કહ્યું, આ વેપાર કરાર ચોક્કસપણે થશે અને તે વાજબી કરાર હશે. પ્રધાનમંત્રી મેલોનીએ કહ્યું કે, તેમને વિશ્વાસ છે કે, આ કરાર થશે અને પશ્ચિમ ફરીથી મહાન બનશે. વાટાઘાટો પછી સંયુક્ત પત્રકાર પરિષદમાં, બંને નેતાઓએ પુષ્ટિ કરી કે તેઓએ સંરક્ષણ ખર્ચ, ઇમિગ્રેશન અને ટેરિફ પર પણ ચર્ચા કરી.

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા**

**હવે જોઇએ અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચાર**

1) અદાલતો રાષ્ટ્રપતિને આદેશ ન આપી શકે તેવા ઉપરાષ્ટ્રપતિના નિવેદન સાથે સંદેશે આજે હેડલાઇન બનાવી છે.

2) દિવ્ય ભાસ્કરે પાંચમી મે સુધીમાં વકફની સંપત્રિમાં કોઇ ફેરફાન નહીં થાયે અને બોર્ડમાં બિન મુસ્લિમને સ્થાન નહીં અપાય તેવી કેન્દ્ર સરકારની સુપ્રીમ કોર્ટ સમક્ષરજૂઆતની હેડલાઇન બનાવી છે

3) નવા વકફ કાયદા ઉપર સુપ્રીમની આડકતરી બ્રેકના સમાચાર સાથે ગુજરાત સમાચારે હડલાઇન બનાવી છે.

4) જ્યારે નવગુજરાત સમયે પહેલા પેજ ઉપર અદાલતો દ્વારા રાષ્ટ્રપતિને અપાયેલા આદેશના પગલે ઉપરાષ્ટ્રપતિના નિવેદન ન્યાયપાલિકા સુપર પાર્લામેન્ટની જેમ ન વર્તી શકે તેવા નિવેદનને પહેલા પેજ ઉપર સ્થાન આપ્યું છે.

5) આ ઉપરાંત પાકિસ્તાનના આર્મી ચીફે ભારત વિરૂધ્ધ નિવેદન આપતાં ભારતે ફરી પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપીને પીઓકે ખાલી કરવા કહ્યું હોવાના સમાચાર તમામ અખબારોએ પહેલા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યા છે

6) સ્થાનિક અનેરાજ્ય ના સમાચારમા તમામ અખબારોએ બનાસકાંઠામાં થયેલા અકસ્માતમાં છનાં મોતના સમાચાર તસવીરો સાથે પ્રકાશિત કર્યા છે.. અમદાવાદ એરપોર્ટ ઉપરથી સતત બીજા દિવસે સોનુ પકડાવવાના સમાચાર છેલ્લા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.